# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-07-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-ત્રિનિદાદ અને ટોબેગો:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે ત્રિનિદાદ અને ટોબેગોમાં રહેતા ભારતીય મૂળના નાગરિકોની છઠ્ઠી પેઢી હવે ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (OCI) કાર્ડ માટે પાત્ર બનશે. આનાથી તેઓ કોઈપણ પ્રતિબંધ વિના ભારતમાં રહી શકશે અને કામ કરી શકશે.

ગઈકાલે ત્રિનિદાદ અને ટોબેગોમાં એક કાર્યક્રમને સંબોધતા શ્રી મોદીએ ભારતીય સમુદાયને તેમના પૂર્વજોની ભૂમિની મુલાકાત લેવા અને ભારત સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા.

-----------------------------------------------------------------------------------------------

## CM-સમરસ ગ્રામપંચાયત :

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના દરેક ગામ વચ્ચે સફાઈ અને સ્વચ્છતાની હરીફાઈ થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ સર્જવા આહવાન કર્યું છે.

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આયોજિત સમારોહમાં મુખ્યમંત્રીએ નવા ચૂંટાયેલા સરપંચો અને સભ્યોને જણાવ્યું કે, 'આપણું ગામ આપણું ગૌરવ'ના મંત્ર સાથે સૌએ ગામના વિકાસ કામોના સ્તંભ બનવાનું છે.

મુખ્યમંત્રીએ સફાઇ માટે ગામોની થતી ફાળવણીમાં વધારો કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રીએ 761 સમરસ ગ્રામપંચાયતોને 35 કરોડ રૂપિયાની પ્રોત્સાહક ગ્રાન્ટ ડીબીટી દ્વારા ફાળવી હતી.

કેન્દ્ર જલશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે ગામમાં સ્વચ્છતા, જલ જીવન મિશન અને જળસંચય અભિયાનને વેગ આપવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે 'કેચ ધ રેઇન' અભિયાનને પ્રાધાન્ય આપવા અનુરોધ કર્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## સહકારી ડેરી ક્ષેત્રમાં મહિલાઓ:

આજે આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ છે, ત્યારે તેની પૂર્વસંધ્યાએ રાજ્ય સરકારે ગઈકાલે સહકારી ડેરી ક્ષેત્રમાં મહિલાઓની વધતી ભાગીદારી અંગેનાં પ્રેરણાદાયી આંકડા રજૂ કર્યા હતા.

2020માં મહિલાઓ દ્વારા સંચાલિત દૂધ સહકારી મંડળીઓની સંખ્યા ત્રણ હજાર 764 હતી, જે 2025માં 21 ટકા વધીને 4 હજાર 562 થઈ છે. આ મંડળીઓની વાર્ષિક આવક પણ 43 ટકા વધીને નવ હજાર કરોડ રૂપિયાને પાર થઈ છે.

રાજ્યનાં 36 લાખ દૂધ ઉત્પાદક સભ્યોમાંથી 32 ટકા એટલે કે 12 લાખ મહિલાઓ છે. ગુજરાત કોઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (GCMMF) દ્વારા રજૂ કરાયેલા ડેટા અનુસાર રાજ્યમાં મહિલા સંચાલિત દૂધ સહકારી મંડળીઓ દ્વારા દૂધની ખરીદી 2020માં 41 લાખ લિટર પ્રતિ દિવસથી 39% વધીને 2025માં 57 લાખ લિટર પ્રતિ દિવસ થઈ છે.

---------------------------------------------------------------------------------------------

## કિરેન રિજ્જુ-હજ અરજીઓ-:

લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે સરકાર એક અઠવાડિયામાં વર્ષ 2026 માટે હજ અરજીઓ સ્વીકારવાનું શરૂ કરશે. ગઈકાલે નવી દિલ્હીમાં હજ સમીક્ષા બેઠક બાદ, શ્રી રિજિજુએ તમામ અરજદારોને ફોર્મ ભરવા અને સમયમર્યાદામાં અરજી કરવા વિનંતી કરી.

શ્રી રિજિજુએ કહ્યું કે 65 વર્ષથી વધુ ઉંમરના હજ યાત્રીઓ માટે તેમની સંભાળ રાખવા માટે એક વ્યક્તિ હોવો ફરજિયાત છે. સરકાર હજ યાત્રા દરમિયાન પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ-અલગ રહેવાની વિનંતી પર વિચાર કરી રહી છે.

---------------------------------------------------------------------------------------------

## CUET 2025નું પરિણામ :

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ગઈકાલે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ-CUET 2025નું પરિણામ જાહેર કર્યું છે. આ પરીક્ષા દેશની વિવિધ કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં સ્નાતક અને અનુસ્નાતક કાર્યક્રમોમાં પ્રવેશ માટે લેવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદ:

રાજ્ય પર સર્જાયેલી ત્રણ અલગ-અલગ વરસાદી સિસ્ટમના પ્રભાવથી રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે કચ્છમાં પણ અષાઢના આરંભથી શરૂ થયેલી મેઘકૃપા અવિરત જારી રહેતાં જનજીવન પુલકિત બન્યું છે.

ગઈકાલે નખત્રાણા તાલુકામાં અનરાધાર વરસાદ વરસતાં  મંગવાણા અને ઉખેડામાં પાંચ ઈંચ તો તાલુકાના અન્ય વિસ્તારમાં એકથી ચાર ઈંચ વરસાદે જળમગ્ન સ્થિતિ સર્જી હતી. અબડાસા તાલુકામાં એકથી ચાર, તો જિલ્લા મથક ભુજ અને રાપરમાં વધુ એક ઈંચ તો મુંદરામાં રાત્રી દરમ્યાન વધુ દોઢ ઈંચની મેઘકૃપા વરસી હતી. લખપત-માંડવી સહિતના તાલુકામાં ઝરમરથી લઈ ઝાપટાં વરસ્યાં હતા.

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યના 16 જીલ્લામાં ઓરેન્જ અને યેલો એલર્ટ આપવામાં આવ્યુ છે. અને માછીમારોને દરિયો ન ખેડવા સુચના આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## નખત્રાણા-ખોભડી ગામમાં ગાયો તણાઈ:

નખત્રાણા  તાલુકાના ખોંભડી ગામે  ચરવા  ગયેલી ગાયોના ધણમાંથી અંદાજે પચાસ જેટલી ગાયો ભારે વરસાદના પગલે મેકણ સાગર સરોવર ડેમના પ્રવાહમાં તણાઈ ગઈ

હતી.જેમાંથી એકાદ બે ગાયોને સ્થાનિક લોકોએ બચાવી લીધી હતી, અંદાજીત ૩૦ જેટલી ગાયોના મૃત્યુ થયાની વિગતો મળી રહી છે.

---

## નખત્રાણા-સાયરી માતા મંદિર પર વીજળી:

નખત્રાણાના સાયરા (યક્ષ) માં આવેલા ભિખુરૂષિ સ્થાનકે 1300 થી વધુ પગથીયા ધરાવતા ડુંગર ઉપરના સાયરી માતાજીના શિખર પર ગઈકાલે ભારે વરસાદ સાથે આકાશી વીજળી પડતા શિખરને ભારે નુકસાન થયુ હતું. સદભાગ્યે મંદિરના પટાંગણમાં કોઈ ન હોતા અનિચ્છીનીય બનાવ બન્યો ન હતો.

---